ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પૂછ્યા પછી જ પીવું પાણી, નાક સલામત રાખો!*
*ચાલવું કેમ ગાડાં નીચે, એવી કરામત રાખો!*
*હજામત થાય ખોટી, રદ્દ કરવા પડે ઠરાવ -*
*મજા 'રોબોટ' રહેવામાં, બુદ્ધિ 'અનામત' રાખો...*
*(૧૦ % ECB)*

હાઈકુ

*આવેશો આવી,*
*- હાથ હલાવી ચીખો!*
*એ 'પડકાર'!*
*(પાકિસ્તાન ને પડકાર્યું??)*

*નિકળ્યા હવે,*
*સીમા સળગી ત્યારે -*
*વિમાન લેવા!*
*(ફ્રાંસ સાથે સોદો)*

### ચિંતન

*ન દૈવં ન પિત્ર્યં ચ કર્માવસિદ્ધેન્ન યજ્ઞ દેશે અસ્તિ ચ જ્યોતિષજ્ઞઃ ।*
*ન તારા ન ચારા નવાનાં ગ્રહાણાં ન તિથ્યાદ્યો વા યતસ્તત્રબુદ્ધાઃ ॥*

'જે પ્રદેશ જયોતિષ વિદ્યા જાણકાર જ્યોતિષી રહેતા ન હોય ત્યાં - દેવો-પવિત્ર કર્મકાંડ વિધિ કે કોઈ પણ પ્રકારનાં પિતૃકાર્યો સિદ્ધ થઈ શકતાં નથી કારણ કે યોગ-કરણ-તિથિ નક્ષત્રના ચોક્કસ જ્ઞાન વિના આવા પ્રકારના કોઈ પણ ધાર્મિક ક્રિયાકાંડ નિશ્ચિત સમયે ન થતાં નિષ્ફળ જ થાય છે.'

ગ્રહોની ચાલ, નક્ષત્રો અને શુભ ચોઘડિયામાં થતાં કર્મો જ - સફળ થતાં હોઈ જે પ્રદેશમાં જયોતિષી અને આકાશનું જ્ઞાન જેમને ન હોય તે સારા-શુભ-અશુભ સમયને જાણી શકતા નથી પરિણામે કરેલાં ક્રિયાકાંડ સફળ થતાં નથી. ગ્રહોની અસર પૃથ્વી- સમુદ્ર માનવી - ઋતુઓ પર થાય જ છે.

### સુવિચાર

- 'ચાહવું' એ ક્રિયાપદ પછી જગતનું સૌથી સુંદર ક્રિયાપદ 'મદદ કરવી' એ છે - **ઇમર્સન**
- ઝાકળ અને પ્રકાશ વિના પુષ્પ કરમાઈ જાય છે.
  દયા અને પ્રેમ માનવ હૃદયનાં ઝાકળ અને પ્રકાશ છે - **મુંબઈ સમાચાર**
- ન્યાયી બનો અને ગભરાશો નહિં, તમે ધારેલા બધા હેતુઓ તમારા દેશના, પ્રભુના અને સત્યના રાખો - **શેક્સપિયર**
- તમે તમારા મિત્રની ભૂલોને છૂટછાટ ના આપો તો તમે તમારી જાત સાથે જ દગો રમો છો - **સાયરસ**
- ઈર્ષા એ સારો શ્રેષ્ઠ માણસે સમાજને ચૂકવવો પડતો કર છે - **જોનાથન સ્વિફ્ટ**
- સુખનો માર્ગ છે - અન્યને સુખી કરવાનો - **સંત રોબિન**
- આજનું ઔષધ : હળદર પાઉડરને તાજી છાશમાં નાખીને સવાર-સાંજ પીવાથી કમળામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

બહુ પૈસા હોય તો પણ દુઃખ-ઉદ્યોગપતિઓ એની વેદના જાણે છે અને બહુગરીબી હોય તો પણ દુઃખ-બધા ગરીબો આ વાત બરાબર જાણે છે... મધ્યમ વર્ગ મજામાં છે.

ભજન સંધ્યાનો કાર્યક્રમ હતો ભગવાન બુદ્ધના સાનિધ્યમાં તૈયારી ચાલતી હતી. વાંજિત્રવાળા સાજિંદા ભગવાન બુદ્ધ પાસે આવ્યા અને કહ્યું, પ્રભુ આ સંસારમાં સુખ-શાંતિથી રહેવા માટેનો કોઈ એક સરળ માર્ગ બતાવો ને! ભગવાને માત્ર સ્મતિ કર્યું - કાર્યક્રમની શરુઆત થઈ -

એ સાજિંદા અંદરોઅંદર પોતાના વાજિંત્રો મેળવતા હતા - તારુ વાજિંત્ર સુરીલું રાખવા તાર હજુ ઝીલા કર બહુ કડક છે - તબલાવાળાને કહ્યું હજું જરા ઢીલું છે - જરા વધારે ખેંચ! સૂર મધ્યમ જ રહેવો જોઈએ.

ભગવાન બુદ્ધે આ સાંભળ્યું - કહ્યું આ જ છે. તમારા પ્રશ્નનો જવાબ જીવનમાં સુખ-શાંતિ પામવા 'મધ્યમ' માર્ગ અપનાવો - બહુ ખાવાથી માંદા પડાય બહુ અપવાસથી અશક્તિ આવે! મધ્યમ માર્ગ એટલે સદ્ભાવભર્યુ - તટસ્થ નિર્લેપ જીવન! વસ્તુ-વ્યક્તિમાં ઓતપ્રોત ન થઈ જાવ - અધિક પ્રેમથી અપેક્ષા વધે તેથી દુઃખ-અશાંતિ વધે...

# કાશ્મીર મામલે દેશ એક બને...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીધેલા કડક વલણથી બીજા નહીં તો છેવટે ભારતમાં પાકિસ્તાનના હાઈકમિશ્નર તો હાલી જ ગયા છે. અબ્દુલ બાસિત ભારતમાં રહીને ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરતા કાશ્મીરના અલગતાવાદી નેતાઓને માનભેર નોતરીને ચડાવતા રહે છે. એમનીઆ પ્રવૃત્તિઓની નોંધ લઈ અવારનવાર એમને કેન્દ્ર સરકાર ઠપકો પણ આપતી રહે છે. પરંતુ બાસિત છે કે એમનો કાશ્મીર રાગ આલાપતા જ રહે છે. ભારત સરકારે ઉરી હુમલા પછી દાખવેલ ઉગ્ર પ્રતિક્રિયા અને વિવિધ સ્તરે શરુ થયેલ હિલચાલ જોઈ દિલ્હીમાં રહેતા પાક રાજદૂતને નિવેદન બહાર પાડવું પડ્યું છે કે પાકિસ્તાનને કાશ્મીર સહિત કોઈ પ્રદેશ પચાવી પાડવામાં રસ નથી. કાશ્મીરના લોકોને ભારતમાં રહેવુંહોય તો ખુશીથી રહે, પણ એમની એવી ઈચ્છા છે કે નહીં તે જાણવા માટે નિષ્પક્ષ લોકમત યોજવો જરુરી છે. ભારત આવા લોકમતનો હરહંમેશ વિરોધ કરતું રહ્યું છે. કાશ્મીરનો ઉકેલ યુદ્ધથી ન જ આવી શકે, એટલું તો પાક હાઈ કમિશનરને પણ બ્રહ્મજ્ઞાન થઈ ગયું છે. જો કે પાકિસ્તાન કાશ્મીરને 'આઝાદ' કરાવવાની વર્ષોથી તરફેણ કરતું રહ્યું છે તે જોતાં અબ્દુલ બાસિતનું આ નમ્ર લાગતું નિવેદન હકીકતમાં તો વિશ્વસત્તાઓ સમક્ષની જુગજૂની કાકલૂદી જ છે. પાકિસ્તાને પચાવી પાડેલ કાશ્મીરને તે 'આઝાદ કાશ્મીર' ગણાવે છે. ભારતમાં રહેલ કાશ્મીર પણ 'આઝાદ' થઈ જાય અને કાશ્મીર એક અલગ, સ્વતંત્ર દેશ બની જાય, એ માટેની પાકિસ્તાનની રજૂઆતો યુનો અને મહાસત્તાઓ સમક્ષ વારંવાર રિપીટ થતી રહી છે. ભારતનું આ મુદ્દે વલણ સ્પષ્ટ છે. કાશ્મીર એ ભારતનું અવિભાજ્ય અંગ છે અને એ વિશેના જે કંઈ પ્રશ્નો બેઉ પાડોશી દેશો વચ્ચે પ્રવર્તે છે એનો ઉકેલ પરસ્પર સમજૂતીથી જ લાવવાની શિમલા કરારમાં થયેલ જોગવાઈને પાકિસ્તાનને અનુકૂળ થવું જોઈએ એવો ભારત હરહંમેશ આગ્રહ રાખવાનું છે અમેરિકા જેવી મહાસત્તાને મધ્યસ્થી કરવા પાકિસ્તાન વર્ષોથી વિનવણી કરે છે, જે અમેરિકા પણ સ્વીકારવા તૈયાર નથી, કારણ કે આ એવો પ્રશ્ન છે જેનો બે પાડોશી દેશોએ પરસ્પર સમજૂતીથી જ ઉકેલ લાવવો પડે એમ છે, એ મુદ્દાનો અમેરિકા સહિત

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વના તમામ દેશોએ સ્વીકાર કરેલ છે. હવે જયારે ઉરી હુમલા પછી ભારતમાં પાકિસ્તાન વિરુદ્ધ ઉગ્ર વાતાવરણ સરજાયું છે ત્યારે પાકિસ્તાન બાઈ બાઈ ચારણી કરવાનું છોડી કાશ્મીરને ભારતના અવિભાજ્ય અંગ તરીકે સ્વીકારી લે એમાં જ એની ભલાઈ છે. પરંતુ જિદ્દી પાક નેતાઓ, પાક આર્મી અને કુખ્યાત આઈએસઆઈ આટલું સાદું સત્ય સમજવાને બદલે ભારતની સરહદો સળગતી રાખવાનું વલણ અપનાવતાં રહ્યાં છે. પાક નેતાઓ મોદી સામે પાકિસ્તાનમાં જ આતંકવાદ ફેલાવતા હોવાના મનગઢંત આક્ષેપો કરી રહ્યા હોય ત્યારે કમ સે કમ ભારતના તમામ રાષ્ટ્રીય પક્ષોએ તો આ મુદ્દે વડાપ્રધાનની સાથએ ખભેખભા મિલાવી ઊભા જ રહેવું જોઈએ. કમનસીબી એ છે કે મોદી સહિત તમામ રાજકીય નેતાઓ કાશ્મીર મુદ્દે પોતાની પાર્ટીને જ લાભાન્વિત કરવાના વિઘાતક કાર્યક્રમમાં પડ્યા છે. કાશ્મીર મુદ્દે કે ઉરી હુમલાની પ્રતિક્રિયા મુદ્દે દેશ આખો એક જ અવાજે બોલે તે સમયની માંગ છે.

# આગે સુખ તો પીછે દુઃખ હૈ...

- મરીઝ

પોતાની પીડાને હળવી કરવાનો રાજમાર્ગ કયો? આપણાં કરતાં વધારે પીડા ભોગવનારાઓનો વિચાર કરવો. માણસ જો ધારે તો તેને પોતાની આસપાસ જ પોતાના કરતાં વધારે પીડાગ્રસ્ત માણસોના દૃષ્ટાંત મળી જાય છે. રેશમના ગાલીચા પર ઊંઘ ન આવે ત્યારે એ શેઠિયો જો એની બાલ્કનીમાંથી નીચે રસ્તા ઉપર જુએ તો ફૂટપાથને ડનલોપનું ગાદલું બનાવીને સૂતેલા ભિખારીને જોઈને કદાચ ઊંઘી શકે, અને નીચે ફૂટપાથ પર સૂતો ભિખારી સામે આવેલી શેઠની હવેલીને તન્દ્રાવસ્થામાં વાગોળતો સ્વપ્નમાં સરી પડીને ઊંઘી શકે છે.

પણ સામાન્ય રીતે ઊલટું જોવા મળે છે. મહેલમાં રહેનાર શેઠિયાને ફૂટપાથ પર આરામ સૂઈ શકતા ગરીબની ઈર્ષ્યા થતાં ઊંઘી શકતો નથી, અને નીચે ફૂટપાથ પર સૂતો ભિખારી સામે આવેલા મહાકાય મહેલને જોઈને હૈયાવરાળ કાઢતો, જીવ બાળે છે, અને વધારે દુઃખી થાય છે. આપણો આ મૂળભૂત સ્વભાવ છે આપણું દુઃખ પહાડ જેવું દર્શાવીને લોકોની સહાનુભૂતિ મેળવવાની આપણી ઘેલછા ચરમસીમાએ પહોંચી છે.

સુખ વહેંચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે, પરંતુ માણસની પ્રકૃતિ મોટેભાગે એ પ્રકારની છે કે, સુખ વહેંચવામાં કંજૂસાઈ કરે છે, એકલપેટો બને છે, અને દુઃખમાં વેદનામાં બધાંને સહભાગી બનાવવા ઈચ્છે છે, પણ બીજાના દુઃખમાં સહભાગી બનવાનું ટાળતો રહે છે પરિણામે માણસનું સુખ વધતું નથી અને પીડા ઘટતી નથી.

બીજી મુસીબત છે ઈર્ષ્યા. બીજાના જરા જેટલા સુખની પહાડ જેટલી ઈર્ષા થાય છે. પોતાનું સુખ રાઈ જેવડું દર્શાવવામાં અને બીજાનું સુખ પહાડ જેવું દર્શાવવામાં આપણે અવ્વલ છીએ. 'મેરી સાડી તુમ્હારી સાડી સે સફેદ કૈસે?' બીજાના સુખમાં ડોકિયા કરી કરીને આપણે ડોક દુખાડી દીધી છે.

પાછી મજાની વાત જુઓ આપણું દુઃખ એ કદાચ બીજાની માટે સુખ હોઈ શકે, અને શક્ય છે કે આપણું આજનું દુઃખ આવતીકાલનું સુખ બની શકે, અને અત્યારનું સુખ, પછીનું દુઃખ બની જાય. પણ એક વાત છે. દુઃખ કોઈની આગળ રડશો નહીં, કોઈ આપણું દુઃખ મટાડી શકે એમ નથી. કારણ કે તે સ્વયં જનિત છે. વળી કોઈ વાર આપણું દુઃખ કોઈનીય પાસે રડવા જઈએ તો કોઈ હમદર્દ હોય,દોસ્ત હોય તો લાગણીથી સાંભળે, કોઈ દેખાવ પૂરતો મિત્ર હોય તો મનમાં હસે - 'હં, હવે આવ્યોને લાગમાં!' મફત અને સરળ રીતે અપાતી સલાહ આપનાર કહેશે! ભાઈ! થોડું ધ્યાન રાખવું તું ને, આમ ન કર્યું હોય તો દુઃખી ન થવાત, દુઃખી હોઈએ ત્યારે બધા ઉપદેશ આપવા નીકળી પડે છે.

'બસ દુર્દશાનો એટલો આભાર હોય છે, જે મળે છે મુજથી વધુ સમજદાર હોય છે.'

આવા ઉપદેશથી દુઃખ ઘટતું નથી, પણ ઉપહાસથી કયારેક તીવ્ર બને છે, વાસ્તવમાં આપણે જેની પાસે હૃદય ઠાલવીએ છીએ તે પોતે સુખી હોય છે ખરો? એ વળી આપણું દુઃખ સાંભળીને કદાચ પોતાને સુખી માનતો હોય.

વાસ્તવમાં સુખદુઃખની આ દ્વંદ્વાત્મક સૃષ્ટિમાં રહેવા આપણે કોઈ એકના અતિરેકમાં બંનેનો સમન્વય જ જીવન છે એ સમજવાનું ભૂલી જઈએ છીએ.

આ બાબતમાં રજનીશજીના વિચારો ગ્રાહ્ય છે. તેઓ કહે છે - શ્રીમંતનું જે સુખ છે, તે ગરીબની ગરીબીમાં છે, શ્રીમંતની શ્રીમંતાઈમાં નથી.

સ્વર્ગમાં જવાનું સુખ કયારે મળે, જયારે આપણને ખબર છે કે નરકમાં જનાર લોકો દુઃખી થાય છે. પણ જયારે ખબર પડે કે નરક છે જ નહીં, તો સ્વર્ગના લોકો દુઃખી દુઃખી થઈ જશે.



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

ખરેખર એવી કોઈ નથી જ્યાં સુખ જ સુખ હોય, અથવા તો દુઃખ જ દુઃખ હોય, આપણે કલ્પના કરીને સુખને સ્વર્ગમાં ઠાંસી દીધું અને દુઃખને નરકમાં! પણ આવું શક્ય નથી.

બર્ટ્રાન્ડ રસેલે કયાંક એક વાત કરી છે કે હું સ્વર્ગમાં જવા નથી ઈચ્છતો, કારણ કે જયાં સુખ જ સુખ હોય, ત્યાં સુખનો ખ્યાલ કેવી રીતે આવશે? અને જયાં જે કંઈ જોઈતું હોય તે મળી જતું હોય, ત્યાં મળવાનું સુખ હશે? મળવાનું સુખ ન મળવાની લંબાઈથી આવે છે, પ્રાપ્તિ પછી પ્રતીક્ષા જેટલું સુખ મળતું નથી.

પણ જે સુખ છે તો પણ સુખી અને દુઃખ છે તે પણ સુખ તે આનંદમાં પ્રવેશી જાય છે. આવી સ્થિતિ કોઈ વિરલો જ પ્રાપ્ત કરી શકે, સ્થિતપ્રજ્ઞ બનવાનું આપણી માટે તો અશક્ય જ છે.

સો વાતની એક વાત. પૈસાદાર હોવાથી સુખી નથી થવાનું અને ગરીબ હોવાથી દુઃખી નથી રહેવાતું. એક વાત કયાંક વાંચી હતી જે મગજમાં કંડારાઈ ગઈ છે કે, ધન પાસે હોય તો સુખ નથી મળતું પણ પોતાને મનગમતું દુઃખ પસંદ કરી શકાય છે.

એટલે એમ કહી શકાય કે જે પસંદગી છે, એ ખૂબ સુખમય છે. ગરીબ માણસ જે દુઃખ ઈચ્છે તેને પસંદ નહીં કરી શકે. એટલે ગરીબ અને અમીરના દુઃખમાં બહુ ફરક નથી હોતો, પસંદગીમાં ફરક હોય છે.

- jayuoza@gmail.com, Mo. 9898046488

# આપણાં વહાણના શઢને સુકાનને આપણાં જ હાથે સંભાળીએ

સરકારી ફરજના કાર્યકાળ દરમિયાન ગામડાઓની મુલાકાત એક અનોખી અનુભૂતિ કરાવે છે તેની પ્રતિતિ અનેક પ્રસંગોએ થાય છે. અનેક લોકોએ આવી અનુભૂતિ કરી છે અને પોતાના સંસ્મરણો ટાંક્યા છે. કચ્છના માંડવી જિલ્લાના એક ગામડામાં ગામલોકોએ પહેલ કરીને ગામમાં પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા કરી હતી. ૨૦૦૫ કે ૨૦૦૬ ના વર્ષની આ વાત છે. વ્યવસ્થા લોકોએ કરી હતી તે સુચારુ હતી તેવી વાતો અવારનવાર કચ્છના તે વિસ્તારના લોકો તેમજ અધિકારીઓ પાસેથી સાંભળવા મળતી હતી. પીવાના પાણીના આ વિતરણની વ્યવસ્થા માટે લોકફાળો પણ ગામલોકોએ સ્વેચ્છાએ એકઠો કર્યો હતો. રાજ્ય સરકારની સહાય તથા વિવેકાનંદ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (માંડવી)ના અસરકારક માર્ગદર્શન હેઠળ કામ થયું હતું. ગામ નાનું અને મુખ્યત્વે માલધારી (પશુપાલકો) પરીવારોનું હતું. ગામમાં મુલાકાતે જવાનું થયું ત્યારે સૌ પ્રથમ અહોભાવ તથા આનંદ એ વાતનો થયો કે પાણી વિતરણની વ્યવસ્થા સંભાળતી સમિતિના તમામ સભ્યો માલધારી કુટુંબોના બહેનો હતા. બહેનો ઉત્સાહથી તેમણે કરેલું કામ બતાવતી હતી અને નાની નાની વિગતો સમજાવતી હતી. બહેનોના ચહેરા પર કામની વિગતો સમજાવતી વખતે જે ગૌરવ તથા આત્મવિશ્વાસનો ભાવ જોવા મળ્યો હતો તે કદી વિસ્મૃત થઈ શકે તેવો નથી. પીવાનું પાણી લોકોને મળે તેના બદલામાં ગામલોકોએ નિયત કરેલી વેરાની રકમ પાણી સમિતિને ભરવાની રહેતી હતી. વહીવટીતંત્રનો સામાન્ય અનુભવ એવો છે કે વેરાની વસૂલાત એ કપરું કામ ગણાય છે. તેમાંયે વળી પાણી માટે શાનો વેરો હોય તેવી લાગણી કેટલાક સ્થળોએ જોવા પણ મળતી હતી. આથી આ ગામમાં વેરા વસૂલાતની સ્થિતિ કેવી છે તેની પૂછપરછ સમિતિનું કામકાજ સંભાળતા બહેનોને કરી. બહેનોનો જવાબ હતો કે વેરાની વસૂલાત ૧૦૦% છે. થોડી નવાઈ લાગી અને અનુભવયુક્ત પૂર્વગ્રહથી શંકા પણ થઈ. આથી વિશેષ પૂછપરછ કરી : ''બધા લાભાર્થીઓ વેરો ભરે છે ?'' જવાબ સહજ હતો પરંતુ સહજતામાં અસામાન્યતા હતી : ''હાસ્તો વળી, સારી સેવા આપીએ તો લોક વેરો તો ભરેજને ?'' કેવી મોટી અને અર્થસભર વાત આ બહેનોએ સ્વાભાવિકતાથી કરી તેનું આશ્ચર્ય થયું. પદાર્થપાઠ પણ મળ્યો. લોક ઉપયોગી સેવા જો કાર્યક્ષમતાથી પૂરી પાડવામાં આવે તો સામાન્ય રીતે લોકો તેનું વળતર ચૂકવવા તૈયાર હોય છે. પૂર્વશરત માત્ર એટલી છે કે સેવા આપનાર તંત્ર કે વ્યવસ્થા કાર્યક્ષમ હોય અને સેવાના દર વાજબી હોય. ગામડાઓના વિકાસની જ્યારે વાતો કરીએ છીએ ત્યારે પાયાના કામ ગામલોકોજ સંભાળે અને સરકાર તેમાં Facilitatro તરીકેનું યોગદાન આપે તો ચમત્કારિક પરિણામોની સંભાવના રહેલી છે. પીવાના પાણીના કામમાં તો એવો અનુભવ થયેલો છે કે ગામના ભાઈઓના પ્રમાણમાં બહેનોએ વિશેષ રસ દર્શાવીને પાયાના આ કામને ગતિ તથા નેતૃત્વ પૂરા પાડેલા છે. કદાચ દેખીતું કારણ એ હોઈ શકે કે ઘરનું Water Management એ મુખ્યત્વે બહેનોની ચિંતાનો વિષય છે. રવિશંકર મહારાજ જેવા પુણ્યશ્લોક મનીષીએ ગાંધી આશ્રમની જગ પ્રસિધ્ધ પવિત્ર ભૂમિમાં ગુજરાત રાજ્યની સ્થાપનાનું દીપ પ્રાગટ્ય કર્યું તે આપણાં માટે ગૌરવની ઘટના છે. મહારાજે ત્યારેજ શિખ આપી હતી કે લોક જરૂરિયાતના પાયાના કામોમાં લોકોજ રસ દાખવે. રાજ્ય તેમાં માત્ર મદદ કરે પરંતુ નિર્ણય—અમલીકરણની બાબતમાં લોક વિચારનું પ્રાધાન્ય રહે. ગાંધી વિચારને જીવી જનાર મહારાજ જાણતા હતા કે લોકશાહી રાજ્ય વ્યવસ્થા લોકોના સતત તથા સક્રિય સહયોગ સિવાય ધાર્યા પરિણામો મેળવી શકાતા નથી.

વિનોબાજી એ વાતનો અવારનવાર ઉલ્લેખ કરતા કે બ્રિટીશ હકુમત પહેલાથી આપણાં દેશના ગામડાઓ સામાન્ય રીતે સ્વનિર્ભર હતા. આઝાદી મળ્યા પછી ક્રમશઃ એવી લોકલાગણી ઊભી થઈ કે ગામડાના લોકો સરકારી તંત્ર પર વિશેષ આધાર રાખતા થયા. કુદરતી આફતો કે કેટલાક મૂડી પ્રાધાન્ય કામો સરકાર સંભાળે તે સ્વાભાવિક છે. સરકાર તથા તેના તંત્રની આ ફરજ પણ છે. પરંતુ ગામલોકોનો રસ તથા તેમનું સક્રિય યોગદાન અનેક કારણોસર સ્થાનિક કામોમાંથી ઓછો થતો ગયો તે બાબત ચિંતાજનક છે. ગામના કેટલાક સક્રિય નાગરિકોની જાગૃતિ હોય ત્યાં આવા જાહેર કામોની ગુણવત્તા ઊંચી રહેવા પામે છે. ખર્ચાયેલા નાણાંનું પૂરું વળતર મળતું જોઈ—અનુભવી શકાય છે. ગુજરાતમાં પીવાના પાણીના વ્યવસ્થાપનમાં લોક સહયોગ જોડવાના જે પ્રયાસ થયા તે આ બાબતનું એક સફળ ઉદાહરણ છે. જામનગરના એક અંતરિયાળ વિસ્તારમાં ગામમાં પાણીના વિતરણના કામમાં ગામલોકોએ સ્વમુખે સંભળાવેલા અનુભવની વાત સાંભળવી ગમે તેવી છે. ગામલોકોએ (વિશેષ કરીને બહેનોએ) કહેલું કે પીવાના પાણીની



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

પાઈપલાઈન નાખતા કોન્ટ્રાકટરના કામની ગતિવિધિ તરફ તેમની એવી બાજ નજર રહેતી કે સરવાળે કોન્ટ્રાકટરે સંપૂર્ણ ગુણવત્તાવાળું કામ કરવું પડ્યું. કોઈ છૂટછાટ કે શિથિલતા ત્યાં ચાલી શકે તેમ ન હતી. કારણ કે આ બહેનોની ધાકની ત્યાં આણ પ્રવર્તતી હતી. આ પ્રકારની જાગૃતિ પણ લોક ભાગીદારી થકીજ સંભવિત બનતી હોય છે. આથી ભારત સરકારે ગ્રામ વિકાસના કામોના Social Auditની જે બાબત દાખલ કરી તે આ લોક ભાગીદારીના તત્વનેજ સંસ્થાગત સ્વરૂપ આપવાનો પ્રયાસ છે. અંતે તો જ્ઞાન તથા ડહાપણની વાત — અપ્પ દીવો ભવ — સર્વકાળે સરખીજ પ્રસ્તુત છે. આપણાં ઘડવૈયા આપણે થઈએ તોજ સફર સાચી દિશાની થશે. સાચી દિશાના પ્રયાસ કે મહેનત કરનાર સમુહનો શ્રમ કદી એળે જતો નથી. તેના પરિણામો મળેજ છે.

સાહિર લુધિયાનવીના જાણીતા શબ્દો યાદ આવે.

હમ મહેનત વાલોંને જબ ભી
મિલકર કદમ બઢાયા,
સાગરને રસ્તા છોડા
પરબતને સીસ ઝુકાયા
ફૌલાદી હૈ સીને અપને
ફૌલાદી હૈ બાહેં, હમ ચાહે તો
પૈદા કરદે ચટ્ટાનો મેં રાહે...
સાથી, હાથ બઢાના !

# મેરી આવાઝ હી મેરી પહેચાન હૈ : લતા મંગેશકર

'આટલો પાતળો અવાજ ફિલ્મોમાં ગાયક તરીકે ન ચાલે.'

'હિન્દી-ઉર્દૂના ઉચ્ચારો જોઈએ એટલે શુદ્ધ નથી.'

આવા અવલોકનો જે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મોટા માથાઓએ જેના માટે કર્યા હતા એ ગાયિકાએ સળંગ સાત દાયકા સુધી ફિલ્મોમાં ગાયન કર્યું અને નાઈટીં ગલ ઑફ ઈન્ડિયા તરીકે એ ઓળખાઈ.

હા, વાત છે, ભારત રત્ન સહિતના અનેક માન-સન્માનો-ડૉકટરેટની પદવીઓ - એવોર્ડઝ - રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અપાર લોકચાહના પ્રાપ્ત કરનાર દેશનો અવાજ પાર્શ્વ ગાયિકા લતા મંગેશકરની. પેઢીઓ આવીને ગઈ લતા મંગેશકરની ગાયકી એની એ જ રહી.

કોઈ એમ પુછે કે ચમત્કાર કોને કહેવાય? જવાબ રૂપે એમ કહી શકાય કે લતા મંગેશકર આપણી વચ્ચે આ પૃથ્વી પર છે એ જ એક મોટો ચમત્કાર છે. લતા મંગેશકર એટલે જાણે મા સરસ્વતીનું સાક્ષાત્ સ્વરુપ.

૨૮ સપ્ટે. ૧૯૨૯ના રોજ ઈંદોરમાં એનો જન્મ થયો. પિતા પંડિત દિનાનાથ મંગેશકર રંગમંચના કલાકાર અને ગાયક હતા. પાંચ વર્ષની ઉંમરે પિતાજી સાથે રિયાઝ કરતી થઈ હતી એ નાનકડી દીકરી. માત્ર ૯ વર્ષની ઉંમરે પિતાજી સાથે જ એક જાહેર કાર્યક્રમમાં પ્રથમવાર સ્ટેજ પરફોર્મન્સ આપવાનો અવસર એને મળ્યો હતો. પરિવાર પિતાજી અને માતા શેવંતીબહેન સાથે મહારાષ્ટ્રમાં કુંદનલાલ સાયગલના ગીતોનું એને ઘેલું લાગ્યું હતું. એની ૧૩ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી અને પોતાની નાની બહેનો ઉષા-મીના અને આશા તથા ભાઈ હૃદયનાથને ઉછેરવાની જવાબદારી એના શીરે આવી પડી. કારકિર્દીના આરંભે માસ્ટર વિનાયકે એને મહત્ત્વપૂર્ણ સહાય કરી. ફિલ્મોમાં અભિનય શરુ કર્યો. એક ઈન્ટરવ્યુમાં લતાજીએ એવું કહ્યું છે કે અભિનય કરવો - મેઈકઅપ કરવો વગેરે મને સહેજે પસંદ ન હતું પરંતુ જે પસંદ નથી એ કરવું પડે એ જ તો સંઘર્ષ છે અને એ સંઘર્ષ મેં થોડા વર્ષો સુધી કર્યો કારણ કે પરિવારની આર્થિક જવાબદારી ઉપાડવાની હતી. એ સમયની પાર્શ્વગાયિકા નૂરજહાંના અવાજને લોકો સુધી પહોંચાડનાર માસ્ટર ગુલામ હૈદરે એમને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ગાયક રૂપે લાવ્યા. માસ્ટર ગુલામ હૈદરે લતાજીના અવાજને પારખ્યો.

અભિનેત્રી તરીકે પહેલી ફિલ્મ હતી ૧૯૪૨ની પાહિલી મંઝીલા ગૌર અને ૧૯૪૫માં સંગીતકાર ગાયન કરાતું ફિલ્મ બડી માટે.

હિન્દી સિનેમાં સંગીતમાં મહિલા પાર્શ્વગાયિકા તરીકે ઓળખ પ્રસ્થાપિત થઈ ફિલ્મ 'મહેલ' ના આયેગા આનેવાલા ગીતથી - સંગીતકાર ખેમચંદ પ્રકાશની આ ધુનથી લતા મંગેશકર શ્રોતાઓના દિલોદિમાગ પર છવાઈ ગયા. એ પછી કારકિર્દીના સાડા છ દાયકામાં એમણે કયારેય પાછા વળીને જોયું નથી એમ કહી શકાય.

બરસાત ફિલ્મમાં પહેલીવાર સંગીત આપનાર શંકર-જયકિશન સાથે લતા મંગેશકર એ પછી ઢગલાબંધ યાદગાર ગીતો આપ્યા. બરસાતના ગીતો આજે પણ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે છે. ૧૯૫૦ના અને ૬૦ ના દાયકામાં લગભગ તમામ સંગીતકારો સાથે લતા મંગેશકરે ગીતે ગાયા. હિન્દી ઉર્દુ ઉચ્ચારોની તાલીમ લીધી. લતાજી એક ઈન્ટરવ્યુમાં કહે છે કે સંગીતકારની પોતાની એક અલગ સ્ટાઈલ હતી અને મને આ રીતે વૈવિધ્યપૂર્ણ ગીતો ગાવાની તક મળી.

હુસ્નલાલ ભગતરામ-હંસરાજ બહેલ-ગુલામ હૈયર- નૌશાદ-ખેમચંદ પ્રકાશ-શ્યામ સુંદર-અનિલ વિશ્વાસ, રોશન-મદનમોહન-એસ.ડી. બર્મન- આર.ડી.બર્મન- લક્ષ્મીકાન્ત પ્યારે- કલ્યાણજી આનંજી-રાજેશન રોસન-ખૈયામ-ઉષા ખન્ના- શીવહરી- રવિન્દ્ર જૈન - જયદેવ - રામલક્ષ્મણ - નદીમ શ્રવણ - આનંદ મીલીંદ - જતીન-લલીત - ઉત્તમસંગી - એ.આર. રહેમાન... અગણિત સંગીતકારો સાથે લતાજીએ ગીતોગાયા પરંતુ એક મુલાકાતમાં કહે છે કે હું હિન્દી ફિલ્મોના ગીતો બહુ ઓછા સાંભળું છું, બીટલ્સ અને નેપકીન કોલના ગીતો સાંભળવા ગમે છે.

એકવીસમી સદીના સંગીત અને ગોલ્ડન એરાના સંગીત વિશે લતાજી કહે છે કે આજકા સંગીત અચ્છા હૈ, મગર પહેલે જૈસા નહિ હૈ, ફિલ્મે ભી પહેલે જૈસી નહિ બનતી હૈ.



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

એ જમાનામાં પણ એમણે ગીતોમાં વલ્ગર શબ્દ કે ઉત્તેજક શબ્દ આવતા હોય તો ગીત ન ગાવાની હિંમત કરી હતી. ફિલ્મ 'ઈન્તકામ'ના હેલનના કેબરે ડાન્સ સિવાય કયાંક આવા ગીત મળતા નથી.

શ્રદ્ધાંજલિ /સજદા અને સાદગી જેવા આલ્બમમાં એમણે ગાયેલી ગઝલ બહેતરીન છે. સમયપાલનના ચુસ્ત આગ્રહી લતા મંગેશકર સ્ટુડિયોમાં ચંપલ પહેરીને કયારેય ગયા નથી. તેઓ કહે ચે કે બાળકોને શીખવાડો આપણા જીવનમૂલ્યો, મા-બાપને પગે લાગે - એમની વાત માને- એમને વૃદ્ધાશ્રમમાં ના મોકલે.

પ્રત્યેક હીરોઈનના ચહેરાને એમનો અવાજ અનુકૂળ આવ્યો છે. પરંતુ એમની ગાયક પ્રતિભા ત્યારે એમને મહાન પુરવાર કરે છે જયારે ૬૬ વર્ષની ઉંમરે ૨૦ વર્ષની કાજોલ માટે એ ચોકલેટ લાઈમ જ્યુસ ગાય તો એવું જ લાગે કે આ ૨૦ વર્ષની છોકરીનો જ અવાજ છે. એક મુલાકાતમાં લતાજી કહે છે કે 'ગાયકના વિચારોની અસર એના ગાયન પર પડે છે. ગીતના શબ્દોને સાંભળું - સમજું - કયું પાત્ર - કયા સંજોગોમાં - કઈ હીરોઈન આ બધું હૃદયસ્થ કરીને ગીતો ગાઉં છું.'

રાજકપૂર સાથે ફિલ્મ ગીતોની રોયલ્ટી માટે અને પછીથી એ જ મુદ્દે એમને મહંમદ રફી સાથે થોડા વર્ષો મતભેદ રહ્યો - એસ.ડી. બર્મન સાથે પણ થોડા વરસો બીજા કોઈ કારણે કામ ન કર્યું. પરંતુ આખરે ફરી તેઓએ જે તે વ્યક્તિઓ સાથે ગીતો ગાયા - કામ કર્યું અને અદ્ભૂત ગીતો આપ્યા.

૨૦૦૧મા લતાજીએ પુનામાં લતા મંગેશકર મેડિકલ ફાઉન્ડેશન સંચાલિત માસ્ટર દિનાનાથ મંગેશકર હોસ્પિટલ શરુ કરી છે. એ પહેલાં ૧૯૯૯માં એમણએ પોતાના નામે એક પરફયુમ પણ બજારમાં મુકયું હતું.

આજે કાશ્મીરમાં જે રીતે ભારતીય સેનાના સૈનિકો શહિદ થઈ રહ્યા છે. ત્યારે સહજપણે સ્મરણ થાય છે કવિ પ્રદિપ લિખિત અને સી. રામચંદ્રન દ્વારા સ્વરબદ્ધ કરાયેલ 'એ મેરે વતન કે લોગો' ગીતનું - લતાજીએ પણ હમણાં એમના ટ્વિટર પર એમના ચાહકોને અપીલ કરી છે કે મારો જન્મદિવસ મનાવસો નહીં પરંતુ સરહદને સાચવતા સૈનિકોને યાદ કરજો - શહિદોને યાદ કરજો - શહીદોને યાદ કરજો અને તેમના માટે આપ ડૉનેશન આપજો.

દેશની આવાઝ લતા મંગેશકર માટે એમ કહેવાય છે કે આપણી પાસે પૃથ્વી એક છે - સૂર્ય-ચંદ્ર એક છે એમ લતા મંગેશકર પણ એક છે. એમના જન્મ દિવસે એમને વંદન કરીએ અને એમના જીવનમાં હંમેશા સ્વાસ્થ્ય જળવાઈ રહે તથા તેઓ આનંદિત રહે તેવી પ્રભુ પ્રાર્થના કરીએ

પ્રત્યેક માનવીના જન્મથી મૃત્યુ સુધીની ઘટનાઓના ભાવ સંવેદનો

**અનુસંધાન પાના નં. ૭ પર**